ભારતે વેસ્ટઈન્ડિઝને પાંચ વિકેટે હરાવી શ્રેણી જીતી

મેચમાં ૧૧૯ રન બનાવવા બદલ શિખર ધવન મેન ઓફ ધ મેચ જાહેર : વિરાટ કોહલી બન્યો મેન ઓફ ધ સિરિઝ

કાનપુર, તા.૨૭

મેન ઓફ ધ મેચ શિખર ધવનની ધમાકેદાર સદી અને યુવરાજસિંહની અડધી સદીની મદદથી ભારતે અંતિમ અને નિર્ણાયક વનડેમાં વેસ્ટઇન્ડિઝને કચડી નાંખ્યુ હતુ. કાનપુર ખાતે રમાયેલ ત્રીજી મેચમાં ભારતે વેસ્ટઇન્ડિઝને પાંચ વિકેટે પરાજય આપીને શ્રેણી પર કબજો જમાવવ્યો હતો. ભારેત ત્રણ મેચોની શ્રેણી ૨-૧થી જીતી લીધી છે. કાનપુરના ગ્રીનપાર્ક સ્ટેડિયમમાં વેસ્ટઇન્ડિઝની ટીમે કિરોન પોવેલ અને માલ્લોન સેમ્યુલસની અડધી સદીઓની મદદથી અને અંતિમ ઓવરમાં ડેવેન બ્રાવો અને સમ્મીની આક્રમક બેટિંગની મદદથી નિર્ધારિત ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૬૩ રન બનાવ્યા હતા. ૨૬૪ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાનમાં ઉતરેલ ભારતીય ટીમે શિખર ધવનની આક્રમક સદી અને યુવરાજસિંહની અડધી સદીની મદદથી ૪૬.૧ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવી ૨૬૬ રન બનાવીને મેચ જીતી લીધી હતી. ભારત તરફથી શિખર ધવને ૯૫ બોલમાં ૨૦ ચોગ્ગાની મદદથી ૧૧૯ રન બનાવ્યા હતા. જ્યારે યુવરાજસિંહે ૭૪ બોલમાં સાત ચોગ્ગાની મદદથી ૫૫ રન બનાવ્યા હતા. સુરેશ રૈનાએ ૩૪, વિરાટ કોહલીએ ૧૯ અને રોહિત શર્માએ ચાર રનની ઈનિંગ્સ રમી હતી. જ્યારે સુકાની મહેન્દ્રસિંહ ધોની ૨૩ અને રવિન્દ્ર જાડેજા બે રન બનાવીને નોટ આઉટ રહ્યા હતા. જ્યારે વેસ્ટઇન્ડિઝ તરફથી રવિ રામપોલ અને ડેવેન બ્રાવોએ બે-બે વિકેટ ઝડપી હતી. જ્યારે નારેને એક વિકેટ ઝડપી હતી. આ પહેલા કાનપુરના ગ્રીનપાર્ક મેદાનમાં ભારતના સુકાની મહેન્દ્રસિંહ ધોનીએ ટોસ જીતીને વેસ્ટઇન્ડિઝને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યુ હતુ. ભારતીય બોલરોની ચુસ્ત બોલિંગ વચ્ચે વેસ્ટઇન્ડિઝની ટીમ નિર્ધારિત ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૬૩ રન બનાવી શકી હતી. વેસ્ટઇન્ડિઝ તરફથી સેમ્યુલસે સર્વાધિક ૭૧ રન બનાવ્યા હતા. જ્યારે કિરોન પોવેલે ૮૧ બોલમાં ૭૭ રન બનાવ્યા હતા. ડેવેન બ્રાવો ૫૧ રન બનાવી અને સમ્મી ૩૭ રન બનાવી અણનમ રહ્યા હતા. આ ઉપરાંત સિમોન્સે ૧૩ અને જોન્સન ચાર્લ્સે ૧૧ રન બનાવ્યા હતા. જ્યારે સુકાની રેરેન બ્રાવો માત્ર ચાર રન બનાવીને આઉટ થયો હતો. ભારત તરફથી આર અશ્વિને બે વિકેટ ઝડપી હતી. જ્યારે ભુવનેશ્વર કુમાર, સામી અહેમદ અને રવિન્દ્ર જાડેજાએ એક-એક વિકેટ ઝડપી હતી. મેચમાં ૧૧૯ રન બનાવવા બદલ શિખર ધવનને મેનઓફ ધ મેચ જાહેર કરાયો હતો જ્યારે વિરાટ કોહલીને મેન ઓફ ધ સિરિઝ જાહેર કરવામાં આવ્યો હતો.

કેદી નંબર ૯૩૪૨-૯૩૪૩ તલવાર દંપત્તિની નવી ઓળખ

રાજેશ તલવારને દાસના જેલમાં બેરક નંબર ૧૧ તેમજ નૂપુર તલવારને બેરક નંબર ૧૩માં રાખવામાં આવ્યા : દંપત્તિને ગાજિયાબાદની દાસના જેલમાં ખસેડાયા

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હી સહિત દેશભરમાં

ચકચાર જગાવનાર આરૂષિ-હેમરાજ હત્યા કેસમાં દોષિત ઠરેલા તલવાર દંપત્તિને સીબીઆઈ કોર્ટ દ્વારા આખરે આજીવન કેદની સજા કરવામાં આવી છે. સીબીઆઈ દ્વારા આ કેસમાં આરોપીને આજીવન કારાવાસની સજા કરાઈ હતી. રેન્ટિસ્ટ દંપતિ રાજેશ તલવાર અને નૂપુર તલવાર દ્વારા સાડા પાંચ વર્ષ અગાઉ તેમની પુત્રી આરૂષિ તેમજ નોકરની હત્યા કરાઈ હતી. આજીવન કેદની સજા સંભળાયા પછી તલવાર દંપતીને પાછા ગાજીયાબાદની દાસના જેલમાં મોકલી આપ્યા છે. રાજેશ તલવારને દાસના જેલમાં કેદી નંબર ૯૩૪૨, બેરક નંબક ૧૧ અને નૂપુર તલવારને કેદી નંબર ૯૩૪૩, બેરક નંબર ૧૩માં રાખવામાં આવ્યા છે.

૪૯ વર્ષના રાજેશ થલવાર અને ૪૮ વર્ષનાં નૂપુર તલવારને એડિશનલ સેશન્સ જજ શ્યામલાલ દ્વારા ફાંસીની સજા કરવાનો ઈનકાર કરાયો હતો. સીબીઆઈ દ્વારા એવી માંગણી કરવામાં આવી હતી કે આ કેસને રેરેસ્ટ ઓફ ધ રેર ગણીને આરોપીઓને ફાંસીની સજા આપવામાં આવે. જો કે કેટલાક સાંયોગિક પુરાવાને ધ્યાનમાં રાખીને તેમને આજીવન કેદની સજા કરાઈ છે. આ તમામ સજા હાલ તેઓ ભોગવી રહ્યા છે. કોર્ટના આદેશને અલ્હાબાદ હાઈકોર્ટમાં પડકારવામાં આવશે તેમ રાજેશ તલવારના ભાઈ દિનેશે જણાવ્યું હતું. કોર્ટે આ ડબલ મર્ડર કેસને ઓનર કિલિંગનો કેસ પણ ગણાવ્યો હતો.

આખા દેશમાં ચરચાર જગાવનાર રહસ્યમય હત્યા કેસમાં સજાની દલીલ કરતા સીબીઆઈનાં વકીલ સૈનીએ કહ્યું હતું કે તલવાર દંપતી દ્વારા બંનેની ઠંડા કલેજે હત્યા કરવામાં આવી હોવાથી કેસને રેરેસ્ટ ઓફ ધ રેર ગણવામાં આવે. જો કે બચાવ પક્ષના વકીલે તનવીર મીરે કહ્યું હતું કે આરોપીઓ સામેનાં પુરાવા નબળા અને સાંયોગિક હોવાથી તેમની પ્રત્યે દયા રાખવામાં આવે.

શંકરરમણ હત્યાકાંડ મામલે શંકરાચાર્ય સહિતની તમામ ૨૩ વ્યકિત નિર્દોષ જાહેર

૨૦૦૪નાં બહુચર્ચિત શંકરરમન હત્યાકાંડ પ્રકરણમાં પોન્ડિચેરીની કોર્ટનો ચુકાદો : કેસમાં કોઈ પુરાવા ન મળ્યા

પોન્ડિચેરી, તા.૨૭

પોન્ડિચેરીની એક કોર્ટમાં ૨૦૦૪નાં બહુચર્ચિત શંકરમન હત્યાકાંડનો નિર્ણય આજે સંભળાવવામાં આવ્યો છે. આ મામલે ૨૩ લોકોને આરોપી દર્શાવામાં આવ્યા હતાં જેનાં પર આજે નિર્ણય લેવાઈ ગયો છે. તમામને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે. પબ્લિક પ્રોસિક્યુટરનાં જણાવ્યાં પ્રમાણે, તમામ આરોપી વિરૂદ્ધ કોઈ જ પુરાવા ન હોવાને કારણે, તેમજ તેઓને હત્યા કરવાનો કોઈ જ ફાયદો ન હોવાને કારણે આ કેસનાં તમામ આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યાં છે. ઉલ્લેખનીય છે કે, કાંચી મઠનાં મઠાધીશ જયેન્દ્ર સરસ્વતી અને વિજયેન્દ્ર સરસ્વતી આ મામલાનાં મુખ્ય આરોપી છે. શંકરરમણ કાંચીપુરમના વરદરાજપેરૂમલ મંદિરનાં મુખ્યા હતા. પોન્ડિચેરીનાં મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધિશ સી.એસ. મુરૂગન આજે આ મામલે નિર્ણય આપશે. નવ વર્ષથી વધુ સમય બાદ આ મામલે આજે નિર્ણય લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, કાંચીપુરમના વરદરાજાપેરૂમલ મંદિરનાં સ્થાપક શંકર રમણની હત્યા કથિત રૂપે ૩ સ્પટેમ્બર, ૨૦૦૪ના રોજ મંદિરના પરિસરમાં જ કરવામાં આવી હતી. આ મામલે કુલ ૨૪ લોકો (હાલમાં ૨૩ લોકો) આરોપી જાહેર કરવામાં આવ્યા હતા. જયેન્દ્ર અને વિજયેન્દ્ર સરસ્વતી મુખ્ય આરોપી છે. કાંચી મઠના એક અન્ય પ્રબંધક સુંદરસેન અને જયેન્દ્ર સરસ્વતીનાં ભાઈ રઘુને સહ આરોપી જાહેર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છેકે ત્રણ સપ્ટેમ્બર ૨૦૦૪ના દિવસે વરદરાજપેરુમલમ મંદિરના વ્યવસ્થાપક શંકરરમણની હત્યા થઈ હતી. હત્યાના ત્રણ દિવસ બાદ ૧૧ નવેમ્બર ૨૦૦૪ના રોજ જયેન્દ્ર સરસ્વતી અને તેમના ઉત્તરાધિકારીની ધરપકડ કરી હતી. આરોપ પ્રમાણે જયેન્દ્ર સરસ્વતીના ઈશારા પર શંકરરમણની હત્યા કરવામાં આવી હતી. હત્યાનું કારણ શંકરરમણની એક ચિઠ્ઠી હતી જેમાં તેમણે કેટલાક આપત્તિજનક અને ગેરકાયદે કામની ચર્ચા કરી હતી.

એલપીજી અને સીએનજીમાં ભાવ વધારો થાય તેવી વકી

પહેલી એપ્રિલથી કુદરતી ગેસના ભાવ ડબલ થશે : દેશમાં ગેસની કુલ ડિમાન્ડના માત્ર ૨૦ ટકા જ ઉત્પાદન સરકાર કરે છે : બાકીનો ગેસ આયાત કરવામાં આવે છે

નવી દિલ્હી, તા.૨૭

એલપીજી એટલે કે રાંધણગેસ સીલીન્ડરની સાથે પાઈપ નેચરલ

ગેસના ભાવમાં વધારો થશે એ નક્કી છે. આનું કારણ એ છે કે સરકારે સ્પષ્ટ કહી દીધું છે કે પહેલી એપ્રિલથી કુદરતી ગેસના ભાવ ડબલ કરવાનો નિર્ણયને તે પાછો નહિં ખેંચે- પેટ્રોલીયમ મંત્રી વિરપ્પા મોઈલીએ કહ્યું છે કેપહેલી એપ્રિલથી ગેસના ભાવ ડબલ કરવાનો નિર્ણયને પાછો ખેંચવાનો સવાલ જ નથી. આ અંગેનું જાહેરનામુ ટૂંક સમયમાં બહાર પડશે.

બીજી તરફ ઈન્ટરનેશનલ માર્કેટમાં એલએનજીનો ભાવ ૧૬થી ૧૮ ડોલર પ્રતિ યુનિટ સુધી પહોંચી ગયો છે. જેજાન્યુઆરી ૨૦ ડોલર થઈ જશે.

પહેલી એપ્રિલ ૨૦૧૪થી કુદરતી ગેસના ભાવ ૪.૦૨ ડોલર પ્રતિએમબીટીયુથી વધીને ૮.૫ પ્રતિ એમબીટીયુ થશે. દેશમાં કુદરતી ગેસની જે ડીમાન્ડ છે તેના ૨૦ ટકા જ ઉત્પાદન સરકાર કરે છે. બાકીની ડિમાન્ડ વિદેશી અને ખાનગી કંપની પાસેથી ખરીદાય છે. કુદરતી ગેસના ભાવવધશે કારણ કે તેનો ઉપયોગ એલપીજી બનાવવામાં પણ થાય છે. બીજુ એલએનજીના ભાવ વધશે. તેની આયાત થાય છે નવા નિર્દેશ હેઠળ તેનો ઉપયોગ પીએનજી અને સીએનજીમાં થાય છે. સરકાર ત્રણ સમાહની અંદર ગેસના ભાવની નવી ફોર્મ્યુલા જાહેર કરશે જેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને અન્ય કંપનીઓને એપ્રિલથી બમણાઓ ભાવ વસૂલવાની છુટ મળશે તેમ ઓઈલ મંત્રી વીરપ્પા મોઈલીએ જણાવ્યું છે. તેનાથી લાંબા સમયથી પ્રવર્તામાન અનિશ્ચિતતા અને આંતર મંત્રાલય વિવાદનો અંત આવશે. જૂનમાં કેબિનેટ ઊંચા દરને મંજુરી આપી ત્યારથી આંતરિક વિવાદ ચાલુ હતો.

કુડનપુલમ પરમાણુ પ્લાન્ટ પાસે વિસ્ફોટમાં ૬ નાં મોત

દેશી સાધનોના ઉપયોગથી કરવામાં આવેલો બ્લાસ્ટ : બ્લાસ્ટમાં એક મહિલા, ત્રણ બાળકો સહિત છના મોત બે મકાનમાં આગ : વિસ્ફોટ પાછળ સ્થાનિક સંગઠનનો હાથ

તમિલનાડુ,તા. ૨૭

ફૂડ અને ઉડણ પરમાણુ મથક નજીક મંગળવારે મોડી રાત્રે દરમિયાન એક શક્તિશાળી બોમ્બ વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં ત્રણ બાળકો સહિત છના મોત થયા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઈડીનઠાકરાઈ ગામની એક કોલોનીમાં વિસ્ફોટ થયો હતો જેમાં એક મહિલા, ત્રણ બાળકો સહબિત કુલ છ વ્યક્તિઓના મોત થયા છે. મરનાર તમામ બાળકોની ઉમર પાંચ વર્ષથી નીચેની છે. પોલીસની પ્રાથમિક તપાસમાં દેશી બોમ્બ ઉપયોગ કરવામાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે. પરમાણુ મથકના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે અણુ મથકથી બે કિલોમીટર દુર વિસ્ફોટ થયો હતો. જેની પરમાણુ મથક પર કોઈ અસર પડી નથી. પ્લાન્ટનું કામ રાબેતા મુજબ જ ચાલુ છે. વિસ્ફોટ બાદ ઘટના સ્થળે પહોંચેલી પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસ અધિકારીએ ઉમેર્યું હતું કે વિસ્ફોટના કારણે બે ઘરોમાં આગ લાગી ગઈ હતી. ડીઆઈજી સુમીત શરણ અને પોલીસ અધિક્ષક વિજેન્દ્ર બિદારી સહિત ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ઉડમ પરમાણુ પ્લાન્ટને બંધ કરવાની માંગ સાથે સ્થાનિક સંગઠનો છેલ્લા બે વર્ષથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ સંગઠનનો દાવો છે કે આ ન્યુકલીયર પ્લાન્ટના કારણે લોકોના શ્વાસ ઉપર વિપરિત અસર પડી રહી છે. આ સંગઠનોદ્વારા ૧૩ જુલાઈ ૨૦૧૧થી વિરોધ આંદોલન શરૂ- કરાયા છે. આ દરમિયાન ૨૦૧૨માં ઈદીનથા કરાઈ નજીક ઉથનપુરી ગામમાં દરોડા પડ્યા હતા. તેમાં ગામની ઝૂપડપટ્ટીમાંથી કેટલાક દેશી બોમ્બ મળી આવ્યા હતા. પોલીસે આ મામલે ઉથનપુરી ગામના કેટલાક સ્થાનિકો લોકોની ધરપકડ કરી હતી. ત્યારે વધુ એક દેશી બોમ્બ વિસ્ફોટ આ સંગઠનોનો હાથ હોવાની શંકા વ્યક્ત કરાઈ રહી છે.

વોડાફોન, આઈડીયા, એરટેલને કારણદર્શક નોટિસ પાઠવાઈ

ટેલિકોમ વિભાગે પાઠવેલી કારણદર્શક નોટિસમાં કંપની સામે કંપની સામે વેરિફિકેશન વગર કાર્ડ આપવા આરોપ

કોલકાતા,તા. ૨૭

ટેલિકોમ વિભાગે વોડાફોન ઈન્ડિયા, ભારતી એરટેલ લિમિટેડ અને આઈડીયા સેલ્યુલર લિમિટેડને કારણદર્શક નોટિસ પાઠવી છે. આ નોટિસમાં ત્રણે કંપનીઓ પર લાઈસન્સ મેળવવા સમયે કરવામાં આવેલ શરતોનો ભગનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ કંપનીઓ ઉપર વેરિફિકેશન કર્યા વગર મેટ્રીક સેલ્યુલર સર્વિસને બલ્કમાં સીમકાર્ડ આપવાનો આરોપ છે. શરતો ભંગનો આ આક્ષેપ સાચો સાબિત થશે તો આ કંપનીઓના લાઈસન્સ રદ થઈ શકે છે અને ૫૦ કરોડ સુધીનો દંડ થઈ શકે છે. ટેલિકોમ વિભાગે ૨૦૦૧માં આ ત્રણે મોબાઈલ ઓપરેટરોને આ જ ગુનામાં કારણ દર્શક નોટિસ પાઠવી હતી. જો કે મોબાઈલ ઓપરેટરોએ ટેલિકોમ ટ્રાઈબ્યુનલ ડીટીસેટમાં પડકાર્યો હતો. ટ્રાઈબ્યુનલે ૨૭ જુલાઈ ૨૦૧૨ના રોજ પોતાના ચુકાદામાં ટેલિકોમ વિભાગને ફરીથી કારણદર્શક નોટિસ પાઠવવા આદેશ કર્યો હતો.

દિલ્હીમાં શિલા દિક્ષીતને મોટા માર્જિંગથી હરાવશે કેજરીવાલ

નવી દિલ્હી વિધાનસભા સીટ ઉપર અરવિંદ કેજરીવાલ ૪૧ ટકા પુરુષ, ૪૨ ટકા મહિલા મતદારોની પ્રથમ પસંદગી

નવી દિલ્હી,તા. ૨૭

તાજેતરમાં થયેલા એક સર્વે મુજબ આગામી વિધાનસભાની ચૂંટણીના પરિણામો ચોકાવનારા સાબિત થઈ શકે છે. સર્વે કરનાર કંપનીનો દાવો છે કે દિલ્હીમાં સૌથી મહત્વપૂર્ણ નવી દિલ્હી વિધાનસભાની સીટ ઉપર આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલની જીત નક્કી છે. ઓપીનીયન પોલ મુજબ ત્રણ વખત દિલ્હીના મુખ્યમંત્રી રહી ચૂકેલ શિલા દિક્ષીતને આ બેઠક ઉપર જંગી સરસાઈથી હરાવી શકે છે. સર્વે કંપનીએ આ કંપનીમાં ૨૧૦૧ રજિસ્ટ્રેડ મતદારોના મત લીધા હતા. સર્વે ૨૨ નવેમ્બરથી ૨૪ નવેમ્બર વચ્ચે કરવામાં આવ્યો હતો. જેમાં નવી દિલ્હી વિધાનસભાની સીટના ૧૮૮ પોલીંગ બુથને કવર કરી લેવાયા હતા. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે જો આ માહોલ ચૂંટણી સુધી યથાવત્ રહેશે તો કેજરીવાલની ૪૧ ટકા પુરુષો અને ૪૨ ટકા મહિલાઓ વોટ આપી શકે છે. ત્યારબાદ ભાજપના ઉમેદવાર વિજેન્દ્ર ગુપ્તા બીજા નંબરે રહેશે અને કોંગ્રેસના ઉમેદવાર શીલા દિક્ષીત ત્રીજા નંબર ઉપર રહેશે. ઉલ્લેખનીય છે કે શિલા દિક્ષીત છેલ્લા ત્રણ ટમથી દિલ્હીના મુખ્યમંત્રી છે અને જો અરવિંદ કેજરીવાલ સામે તેમની હાર થશે તો આ માત્ર દિલ્હી પૂરતું જ નહીં પરંતુ સમગ્ર દેશની રાજનીતિ માટે આ ચોંકાવનારી ઘટના હશે. ઉલ્લેખનીય છે કે આ સર્વે એવા સમયે કરવામાં આવ્યો છે જેમાં આમ આદમી પાર્ટી પોતાના એવા કેટલાક ઉમેદવારો ઉપર લાગેલા ભ્રષ્ટાચારના ઓરોપોનો સામનો કરી રહી છે. સર્વેમાં સ્પષ્ટ રીતે સામે આવ્યું છે કે આ પાર્ટીને સમાજના તમામ વર્ગોનું સમર્થન મળી રહ્યું છે. તેમાંય ખાસ કરીને યુવાનો કેજરીવાલની આમ આદમી પાર્ટીથી ખાસ પ્રભાવિત છે. સર્વે મુજબ ૧૮થી ૨૫ વર્ષના ૪૯ ટકા મતદારોની પહેલી પસંદગી અરવિંદ કેજરીવાલ છે.

જ્યારે આ જ મર્યાદામાં કોંગ્રેસના સમર્થકોની સંખ્યા ૧૯ ટકા અને ભાજપના સમર્થકોની સંખ્યા ૨૦ ટકા છે. આ સર્વેમાં આવરી લેવાયેલ ૨૧ ટકા લોકો ૧૮થી ૨૫ વર્ષના હતા. આ ઉપરાંત આમ આદમી પાર્ટીનું પ્રદર્શન તમામ વયના લોકોમાં બધા જ ધર્મોમાં અને જાતિઓમાં ભાજપ અને કોંગ્રેસ કરતા મજબૂત જણાઈ રહ્યું છે.

પવારને એમસીએના અધ્યક્ષ તરીકે કામ કરવા ઉપર સ્ટે

મુંબઈ,તા. ૨૭

એનસીપીના પ્રમુખ શરદ પવારને કોર્ટ દ્વારા એક ઝટકો આપવામાં આવ્યો છે. મુંબઈની બિવાની અદાલતે પવારને મુંબઈ ક્રિકેટ સંઘના અધ્યક્ષ તરીકે કામ કરવા પર અસ્થાઈ ધોરણે સ્ટે મૂકી દીધો છે. જો કે પવારને આ આદેશ વિરુદ્ધ ઉચ્ચ કોર્ટમાં અપીલ કરવા એક સપ્તાહનો સમય અપાયો છે. અદાલતના ન્યાયાધીશ એમએસ શર્માએ ભાજપના વરિષ્ઠ નેતા ગોપીનાથ મુંડેની એક અરજી પર સુનાવણી બાદ પોતાના ચુકાદામાં શરદ પવારને મુંબઈ ક્રિકેટ સંઘના અધ્યક્ષ તરીકે કામ કરવા પર સ્ટે મૂકી દીધો છે.

ગોપીનાથ મુંડેએ શરદ પવારને મુંબઈ ક્રિકેટ સંઘના અધ્યક્ષ તરીકેની નિમણૂંક પર સ્ટે મૂકવા અપીલ કરી હતી. કારણ કે એનસીપીના પ્રમુખના આ પદ પર ચૂંટણીને પડકારતી એક અરજીની સુનાવણી હજુ બાકી છે. ગોપીનાથ મુંડેએ દર બે વર્ષે યોજાતી મુંબઈ ક્રિકેટ સંઘની ચૂંટણીમાં તેમનું ઉમેદવારી પત્ર રદ કરવાના મુદ્દાને પણ પડકાર્યો હતો. મુંડેના વકીલ વિવેકાનંદ ગુપ્તાએ જણાવ્યું હતું કે અદાલતે ગોપીનાથ મુંડેની અરજી પર વિચાર કર્યા પછી શરદ પવારને મુંબઈ ક્રિકેટ સંઘના અધ્યક્ષ તરીકે કામ કરવા પર સ્ટે મૂકી દીધો છે. અદાલતે આ સાથે જ મુંડેને આદેશ આપ્યો છે કે આ કેસની સુનાવણી રોજ થશે અને ત્રણ મહિનાની અંદર તેનો ચુકાદો આવશે.

ચીને દક્ષિણ ચીન સાગરમાં પોતાનું જહાજ ગોઠવ્યું

બેજિંગ,તા. ૨૭

વિવાદીત ટાપુ બાદ જાપાન સાથેના સંબંધો તંગ બનેલા છે ત્યારે ચીન દ્વારા આજે વહેલી સવારે દક્ષિણી ચીન સાગરમાં પોતાના પહેલા વિમાન વાહક જહાજને તૈનાત કરી દેવામાં આવ્યું છે. લિયાઓની નામના આ જહાજને ચીને પરિક્ષણ કર્યા બાદ વિવાદિત જળ સીમામાં ગોઠવીને હવનમાં ઘી નાખવાનું કામ કર્યું છે.

ચીનના આ પ્રયાસને દક્ષિણી ચીની સમુદ્રમાં પોતાની ધાક જમાવવાના પ્રયત્ન તરીકે જોવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ચીન સંપૂર્ણ દક્ષિણ ચીન સાગર પર પોતાનો દાવો કરી રહ્યો છે. જો કે તેના આ દાવાને વિયતનામા, ફિલીપાઈન્સ, મલેશિયા અને બ્રુનેઈ નકારી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનના વધતાં જતા હસ્તક્ષેપના પગલે અમેરિકાએ ચિંતા જાહેર કરી હતી અને વિવાદીત ટાપુઓ પર લશ્કરી કાર્યવાહીની સ્થિતિમાં જાપાનને સાથ આપવાના સંકેત આપ્યા હતા.

રાજેશ ખન્નાના નામે રોડ બનાવવા ડિમ્પલની માંગ

મુંબઈ,તા. ૨૭

ભલે રાજેશ ખન્ના અને ડિમ્પલ કાપડીયા વચ્ચેના મતભેદો દૂર થઈ શક્યા ન હતા પરંતુ માનસીક રીતે તેઓ એકબીજાથી અલગ થઈ શક્યા ન હતા. જેના કારણે તેમના વચ્ચે છૂટાછેડા થયા નહોતા અને રાજેશ ખન્નાના છેલ્લા દિવસોમાં ડિમ્પલ કાપડીયા તેમની સાથે રહી હતી. આજે પણ કલાકાર તરીકે ડિમ્પલ અને રાજેશ ખન્નાની જોડીને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. ત્યારે હવે ડિમ્પલ કાપડીયાએ રાજયના સંસદીયા મામલાના મંત્રી રાજીવ શુક્લાની મુંબઈમાં રાજેશ ખન્નાના નામે રોડ બનાવવા વિનંતી કરી છે. આ અંગે ડિમ્પલ કાપડીયાએ જણાવ્યું હતું કે રાજેશ ખન્ના આજે પણ મારા સૌથી ફેવરિટ અભિનેતા છે. તેઓએક મહાન અભિનેતા હતા. ફિલ્મ જગતમાં કાકાના હુલામણા નામે પ્રસિદ્ધ રાજેશ ખન્નાએ પોતાના કેરિયરની શરૂઆત ૧૯૬૬માં આખરી ખત ફિલ્મથી કરી હતી. તેમને ફિલ્મ જગત પર પાંચ દસ્તકાઓ સુધી રાજ કર્યું હતું. તેમને આરાધના, દો દોસ્ત, સફર અને આનંદ જેવી સુપર હિટ ફિલ્મો આપી. ડિમ્પલ કાપડીયાએ તાજેતરમાં રાજયના સંસદીય મામલાઓના મંત્રી રાજીવ શુક્લાને જણાવ્યું હતું કે રાજેશ ખન્ના કોંગ્રેસથી જોડાયેલા હતા જેથી મુંબઈના કોઈપણ એક રોડનું નામ તેમના નામ પરથી રાખવામાં આવે.